PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૨/ક્વા–૦૨/૧૬–૧૭/ ૯૦૪૬ તા. ૦૪/૧૦/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
પાલા ભાયા લગારીયા,
ગામ: સણોસરી,
તા. કલ્યાણપુર ,
જી: દેવભુમી દવારકા,
મો: ૯૭૨૭૪ ૧૮૦૯૧

**વિષય :–નવુ ખેતીવાડી વીજજોડાણ શીફટીગ સાથે મેળવવા બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૦૨/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૩...)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/E

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૦૨/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૩૦–૦૯–૧૬ સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: પાલા ભાયા લગારીયા, ગામ: સણોસરી,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :એન.એ.ઉનડકટ, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, દ્વારકા

---

## : હુકમ :

### ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી નુ, ગામ: સણોસરી ખાતે ના સર્વે નંબર: ૮૨ પૈકી ૨ મા, સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ, વર્ષ–૨૦૦૭ ની અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. તેઓ શ્રી , સદર જોડાણ ને, સરકાર શ્રી તરફથી ફાળવવામા આવેલ, સરકારી ખરાબા વાળી, જમીન ૯૮ / ૧ ( હાલ ના નવા સર્વે નંબર : ૩૩૭ પૈકી ૧) ના ૦૨ ગુઠા મા બનાવેલ બોર પર મેળવી, અને પાઈપ લાઈન મારફત, તેમની મુળ માંગણી મુજબ ના સર્વે નંબર : ૮૨ પૈકી ૨ મા, સીચાઈ કરવા માંગે છે. પરંતુ, પીજીવીસીએલ કક્ષાની કચેરી ના જવાબદાર અધિકારીને, સદર જાણકારી / નિયમ ની પુરી જાણકારી ન હોય, તેઓને જોડાણ આપવા માટે નુ મંજુર કરાયેલ ભાવપત્રક ની રકમ સ્વીકારવામા આવતી નથી. આમ, પીજીવીસીએલ કક્ષાની, કાયદાકીય રીતે અપુરતી જાણકારી ને કારણે, તેમને નવુ જોડાણ આપવાની કોઈ કાર્યવાહી હાથ ધરવામા આવતી ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો, પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ગામ: સણોસરી ખાતે ના સર્વે નંબર: ૮૨ પૈકી ૨ મા, સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ, વર્ષ–૨૦૦૭ ની અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. આ જોડાણ ની મંજુરી, જે સર્વે નંબર : ૮૨ પૈકી ૨ મા આપવામા આવેલ છે. પરંતુ, સદર સર્વે નંબર : ૮૨ પૈકી ૨ મા, એક ખેતીવાડી વીજજોડાણ હૈયાત છે, જેથી નિયમ અનુસાર બીજુ જોડાણ આપી શકાય નહી. પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી. અરજદાર શ્રી ને આ મુજબ ની લેખીત જાણકારી આપતો, તા.૧૦–૦૯–૧૫ ના રોજ નો પત્ર પણ આપવામા આવેલ છે. જેના અનુસંધાને, અરજદાર શ્રી હવે, સદર મંજુર કરાયેલ જોડાણ નુ સીચાઈ નુ સ્થળ, જે સર્વે નંબર : ૮૨ પૈકી ૨ ને બદલે, તેમની અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ, અન્ય સર્વે નંબર વાળી જમીન મા, સીચાઈ કરવા માંગે છે. તેમજ, જોડાણ (કનેકશન) નુ સ્થળ, સરકાર શ્રી તરફથી ફાળવવામા આવેલ, સરકારી ખરાબા વાળી, જમીન ૯૮ / ૧ ( હાલ ના નવા સર્વે નંબર : ૩૩૭ પૈકી ૧) ના ૦૨ ગુઠા મા બનાવેલ બોર દર્શાવી, એ મુજબ, નવુ કનેકશન, સદર બોર પર મેળવી, અને પાઈપ લાઈન મારફત, તેમની માંગણી મુજબ ના અન્ય સર્વે નંબર મા સીચાઈ કરવા માંગે છે. અરજદાર શ્રી ના જણાવવા મુજબ, તેઓ શ્રી આ મુજબ ના દસ્તાવેજીક પેપર્સ, જે પંચાયત / મામલતદાર કચેરી માથી રજું કરી અને પીજીવીસીએલ મા, જોડાણ શીફટીંગ સબંધક નિયત અરજી ફોર્મ સાથે, શીફટીંગ નો નોંધણીચાર્જ ભરપાઈ કરી અને રજુ કરશે, એ બાબત અરજદાર શ્રી એ તેમના તા.૨૮–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ સ્વીકારેલ છે. આમ, અરજદાર તરફથી, '' કનેકશન મેળવવા ના સ્થળ ( જોડાણ નુ સ્થળ) અને સીચાઈ નુ સ્થળ ( જે તે સર્વે નંબર) '' વગેરે, તેમની કાયદેસર ની માલીકી / ભોગવટા હોવા સબંધક દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ મા, જોડાણ શીફટીંગ સબંધક નિયત અરજી ફોર્મ સાથે, રજુ થશે તો, પીજીવીસીએલ તરફથી, સદર મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ સદર જોડાણ ને, નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત ની તમામ કાર્યવાહી પૂરી કરી અને અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ નુ જોડાણ, શીફટીંગ સાથે આપવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, તેમની વર્ષ–૨૦૦૭ ની નોંધાયેલ, નવા ખેતીવાડી વીજજોડાણ ની મુળ અરજી ને, મંજુરી ની પ્રક્રીયા હેઠળ લેવાયેલ છે. પીજીવીસીએલ ના જણાવ્યા મુજબ, સદર અરજી મા દર્શાવેલ મુળ સર્વે નંબર મા, એક ખેતીવાડી વીજજોડાણ હૈયાત હોય, બીજુ ખેતીવાડી વીજજોડાણ મળી શકે નહી. જેથી, અરજદાર શ્રી ને, સદર જોડાણ – '' તેમની માલીકી ના અન્ય ખેતીવાડી સર્વે નંબર વાળી જમીન પર '' સીચાઈ કરવા માટે, શીફટીગ મેળવી લેવાનુ પીજીવીસીએલ તરફથી જણાવી, અને તે મુજબ, શીફટીગ માંગણી મુજબ ના સ્થળ ની કાયદેસર ની માલકી / કાયદેસર નો ભોગવટો, જે અરજદાર શ્રી નો હોવા સબંધક, અધતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી પાસેથી મંગાવવામા આવેલ છે. અરજદાર શ્રી પણ, સદર પ્રકાર ના દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ સમક્ષ રજુ કરવા સંમત છે. આ મુજબ, અરજદાર શ્રી નો સદર કેઈસ, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ નવા ખેતીવાડી વીજજોડાણ નો, શીફટીગ તેમજ કદાચ નામ બદલી સાથે શીફટીગ સબબ નો કેઈસહોવા સબંધક બાબતે નો, ફોરમ કમિટી ને જણાયેલ છે. સદર પ્રકાર ના, નામ બદલી સાથે શીફટીગ સબબ ના કેઈસ માટે ના, નિયમાધીન જરૂરી એવા દસ્તાવેજીક પેપર્સ વગેરે, જે પંચાયત / મામલતદાર કચેરી પાસેથી અરજદાર શ્રી એ મેળવી અને પીજીવીસીએલ મા રજુ કરવાના હોય, આ માટે ખાસ્સો સમયગાળો જરૂરી હોય, અરજદાર શ્રી ને, સદર સમયગાળા માટે, મુદત મર્યાદા – '' ૦૬ માસ સુધી '' વધારી આપવા માટે, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**૩.૨** આમ, '' ૦૬ માસ સુધી ''ની સમયમર્યાદા મા, અરજદાર શ્રી, તેમના સદર નવા ખેતીવાડી વીજજોડાણ ને – તેમની અંગત માલીકી ના જે ખેતીવાડી સર્વે નંબર મા, સીચાઈ કરવા માંગતા હોય, તે સર્વે નંબર, કે જયા કોઈ ખેતીવાડી વીજજોડાણ હૈયાત ન હોય અને સર્વે નંબર અરજદાર શ્રી ની અંગત માલીકી નો હોવા સબંધક દસ્તાવેજીક પેપર્સ ( ૭/૧ર, ૮–અ, હકક પત્રક નં.–૬) તેમજ સદર નવા ખેતીવાડી વીજજોડાણ ના – કનેકશન – નુ સ્થળ, અરજદાર શ્રી, તેઓ શ્રી ને સરકાર શ્રી તરફથી ફાળવવામા આવેલ, એવી સરકારી ખરાબા વાળી, જમીન ૯૮ / ૧ ( હાલ ના નવા સર્વે નંબર : ૩૩૭ પૈકી ૧) ના ૦ર ગુઠા મા, મળેલ મંજુરી અન્વયે અરજદાર શ્રી એ હાલ બનાવેલ બોર વાળુ સ્થળ – તેમજ સદર બોર વાળી જગ્યા માથી પાઈપ લાઈન મારફત, અરજદાર શ્રી ના જણાવવા મુજબ ના તેમની અંગત માલીકી ના જે ખેતીવાડી સર્વે નંબર વાળી જગ્યા મા સીચાઈ કરવા માંગતા હોય, તે જગ્યા સુધી ની પાઈપ લાઈન ની મંજુરી ( આમ, ખરાબા ની જમીન પર ના બોર / કુવા ની મંજુરી તેમજ પાઈપ લાઈન ની મંજુરી – વગેરે, સરકાર શ્રી તરફથી મેળવી અને ) જે સરકારશ્રી ની સબંધક કચેરી પાસેથી મેળવી, અને તે અન્વયે, સદર નવા જોડાણ ને, જરૂર જણાયે નામ બદલી સાથે શીફટીગ ની, નિયત અરજી ફોર્મ સાથે, જરૂર જણાયે નામ બદલી / શીફટીગ ની અરજી સાથે રજુ કરી, અને નિયત નોંધણીચાર્જ ભરપાઈ કરી અને આ મુજબ ની, શીફટીગ અન્વયે ના નિયત નોંધણીચાર્જ વસુલ કરી અને વિધીસર ની અરજી નોંધી, અને તે મુજબ, અરજદાર શ્રી ને સદર જોડાણ શીફટીગ સાથે, પીજીવીસીએલ ના નિયમાધીન આપી શકાશે. તે મુજબ નો અભિપ્રાય પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. તેમજ, અરજદાર શ્રી એ પણ તેમના તા.ર૮–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ સદર બાબત નો સ્વીકાર કરેલ છે. આમ, અરજદાર તરફથી, '' કનેકશન મેળવવા ના સ્થળ ( જોડાણ નુ સ્થળ એટલેકે સરકાર શ્રી તરફથી ફાળવવામા આવેલ બોર / કુવા ની મંજુરી ) અને સીચાઈ નુ સ્થળ ( એટલેકે અરજદાર શ્રી ની અંગત માલીકી નુ પિયત નુ સ્થળ– જે સ્થળ વાળા સર્વે નંબર મા કોઈ ખેતીવાડી વીજજોડાણ હૈયાત ન હોય તેવુ સ્થળ) '' વગેરે, તેમની કાયદેસર ની માલીકી / ભોગવટા હોવા સબંધક દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ મા, દિન–૧૮૦ (૦૬ માસ ની) સમયમર્યાદા મા, અરજદારશ્રી ને, પીજીવીસીએલ મા રજુ કરવાની ખાસ જાણકારી આપવામા આવે છે. અને તે મુજબ પીજીવીસીએલ પક્ષકાર ને પણ,મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ સદર અરજી ની સમયમર્યાદા દિન–૧૮૦ (૦૬ માસ ની) મંજુરી હેઠળ આવરી લેવાનો આદેશ આપવામા આવે છે.

| | |
|---|---|
| <u>૩.૩</u> | તેમ છતા, અરજદાર પક્ષકાર તરફથી , સદર પ્રકાર ની વિધીસર ની અરજી, જે જોડાણ શીફટીગ સબંધક નિયત અરજી ફોર્મ અને જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે રજુ થશે ત્યારે, સદર અરજી ને, નિયત નોધણીચાર્જ વસુલ કરીને, ત્વરીતે નોંધી ને, નોધણી તારીખ થી દિન–૩૦ મા, સદર કેઈસ મા, જરૂર જણાયે – નામ બદલી સાથે શીફટીગ ની મંજુરી સબબ ની – પીજીવીસીએલ ના નિયમાધીન અંતર્ગત ની પ્રણાલી મુજબ ની તમામ કાર્યવાહી – જે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૩૦ (૦૧ માસ ની) સમયમર્યાદા મા, પૂર્ણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u>

## <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..